# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
# જામનગર.
## સિન્ડિકેટની ખાસ સભાની કાર્યવાહીની નોંધ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા તા.૨૪–૪–૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૧૧–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલય, ચાણકય ભવન, જામનગર ખાતે મળી હતી. પ્રમુખસ્થાને કાર્યવાહક કુલપતિશ્રી આર.એમ. ઝાલા હતા.

**સદસ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી આર.એમ. ઝાલા કાર્યવાહક કુલપતિશ્રી અને કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, | ચેરમેનશ્રી |
| (૨) | ડો. એમ. બી. જાની, નિયામકશ્રી, ભા.ત.હો.પ., ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૩) | પ્રો. એમ.એસ. બધેલ,નિયામકશ્રી, આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ. | સભ્યશ્રી |
| (૪) | ડો. એન. બી. કપોપરા, આચાર્યશ્રી, | સભ્યશ્રી |
| (૫) | ડો. એસ. પી. નાવડીયા, આચાર્યશ્રી | સભ્યશ્રી |
| (૬) | ડો. જી. કે. મનસુરી, શિક્ષકશ્રી | સભ્યશ્રી |
| (૭) | ડો. એ. બી. ઠાકર, શિક્ષકશ્રી, પી.જી. બોર્ડ | સભ્યશ્રી |
| (૮) | ડો. કે. એલ. કોરડીયા, સ્નાતકશ્રી | સભ્યશ્રી |
| (૯) | ડો. વી. કે. ઉપાધ્યાય, સ્નાતકશ્રી | સભ્યશ્રી |

**નીચે દર્શાવેલ સદસ્યશ્રીઓ હાજર રહી શકેલ નહીં.**

| | | |
|---|---|---|
| (૧) | એડવાઈઝરશ્રી, ( આયુર્વેદ ) આઈ. એસ.એમ. એન્ડ એચ., ન્યુ દિલ્હી | સભ્યશ્રી |

**કાર્યસૂચિ–૧** **આયુર્વેદ વિષયના પી.જી. સેન્ટર શરૂ કરવા અંગે તથા યુનિવર્સિટી એકટ ૧૯૬૫ ની કલમ–૨૯ હેઠળ સંસ્થાની માન્યતા આપવા બાબતની ગાઈડ લાઈન મંજૂર કરવા બાબત.**

તાજેતરમાં યુનિવર્સિટી ખાતે નવા પી.જી. સેન્ટર શરૂ કરવા અંગે તેમજ રિસર્ચ સેન્ટર શરૂ કરવા અંગેની માન્યતા આપવા સંદર્ભે દરખાસ્ત આવેલ છે. અગાઉ યુનિવર્સિટી ખાતે આ પ્રકારની કામગીરી થયેલ નથી. આ સંદર્ભે ઉપરોકત બાબતે માન્યતા આપવા સંદર્ભે ગાઈડ લાઈન તથા રેગ્યુલેશન તૈયાર કરેલ છે. જે જુદાંજુદાં સમયે પી.જી. બોર્ડ દ્વારા ભલામણ થયેલ છે. આ અંગે નીચેની વિગતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને સુધારા સાથે મંજુર કરેલ.

(૧) તા.૩–૭–૨૦૦૯ની પી.જી. બોર્ડની ૧૫ મી સભાની આઈટેમ નં.–૩૪ થી મંજૂર થયેલ પી.જી. સેન્ટર શરૂ કરવાની ગાઈડ લાઈન તથા સંસ્થા દ્વારા અરજી કરવા સમયે ધ્યાનમાં રાખવાની બાબતો અંગેની ગાઈડ લાઈન અંગેના **પરિશિષ્ટ–૧** ચર્ચા વિચારણા બાદ સુધારા સાથે મંજુર કરી પરિપત્રિત કરવાનું ઠરાવવામાં આવેલ.

(૨) માન. કુલપતિશ્રીના આદેશાનુસાર યુનિવર્સિટી એકટની કલમ–૨૯ હેઠળ રિસર્ચ અને વિશિષ્ટ અભ્યાસક્રમો માટે સંસ્થાની માન્યતા બાબતે કઈ કાર્યવાહી કરવી જોઈએ તે હેતુથી એક સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિની સભા તા.૯–૪–૨૦૧૦ના રોજ માન. કુલપતિશ્રીની ચેમ્બરમાં યોજવામાં આવેલ. આ સમિતિનો અહેવાલ (સમિતિ દ્વારા તૈયાર કરેલ ગાઈડ લાઈન) **પરિશિષ્ટ–૨**

ચર્ચા વિચારણા બાદ સુધારા સાથે મંજુર કરી પરિપત્રિત કરવાનું ઠરાવવામાં આવેલ.

(૩) તા.૨૬–૮–૨૦૦૬ ની પી.જી. બોર્ડની ૯ મી બેઠકની આઈટેમ નં.–૬ થી મંજૂર થયેલ રિસર્ચ સેન્ટરને માન્યતા આપવા બાબતના રેગ્યુલેશન અને અરજી પત્રકનો નમૂનો **પરિશિષ્ટ–૩** ચર્ચા વિચારણા બાદ મંજુર કરી પરિપત્રિત કરવાનું ઠરાવવામાં આવેલ.

સિન્ડિકેટની આ સભાએ R.C.R Regulation 10DF4(C) ઉમેરવાનું નકકી કરવામાં આવેલ અને પી.જી.ટી. બોર્ડને આ અંગે ભલામણ કરવાનું ઠરાવેલ.
4(C) For Ayurved Ph. D. Courses qualifications of guide will be as per Ph.D. regulations. (પી.જી.ટી. બોર્ડ ધ્વારા મંજુર કરાયેલા રેગ્યુલેશન મુજબ).

C.C.I.M ના.પી.જી. રેગ્યુલેશન–પના સ્પેશ્યાલીટીઝના અનુ.નં.૧૭માં Ayurved Vachaspati (M.D.- Ayurveda)- Shalakyapantra- Danta avum Mukha Roga ની જગ્યાએ Ayurved Vachaspati ( M.S. - Ayurveda)- Shalakyapantra- Danta avum Mukha Roga કરવાનું C.C.I.M ને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેલ.

**કાર્યસૂચિ–૨** **બી.એસ.સી. નર્સીંગ (આયુ.)નો અભ્યાસક્રમ સેલ્ફ ફાઈનાન્સ ધોરણે શરૂ કરવા બાબત.**

તા.૧૬–૪–૨૦૧૦ના રોજ ડો. એસ. કે. પાન્ડા, સંયુકત સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ, આયુષ, ભારત સરકાર, ન્યુ દિલ્હી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની મુલાકાતે આવેલ અને કાર્યવાહક કુલપતિશ્રીની ચેમ્બરમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તેમજ યુનિવર્સિટી સંચાલિત સંસ્થાઓના વડાશ્રીઓ સાથે બપોરે ૩–૩૦ થી ૪–૩૦ દરમ્યાન એક સભાનું આયોજન થયેલ.

આ સભામાં માન. ડો. એસ. કે. પાન્ડા, સંયુકત સચિવશ્રી દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા સંલગ્ન સરકારી અને સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ અંતર્ગત બી.એસ.સી. નર્સીંગ (આયુ.)નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે ભારત સરકારશ્રી દ્વારા ત્રણ કરોડ સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે. તેનો લાભ ઉઠાવવા યુનિવર્સિટી દ્વારા કોલેજોને માર્ગદર્શન પુરૂ પાડવા જણાવેલ છે. જે બાબતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરેલ.

બી.એસ.સી. નર્સીંગ (આયુ.)નો અભ્યાસક્રમ સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવા બાબતે નીચેના મુદાઓ તથા આનુસંગીક બાબતો પરત્વે વિચારણા કરી એક માસમાં અહેવાલ તૈયાર કરવા એક કમિટીની રચના કરવામાં આવેલ.

૧) સ્ટેચ્યુટમાં જરૂરી સુધારા
૨) સીલેબસ નકકી કરવો
૩) ઈન્ફ્રાસ્ટ્રકચર
૪) ઓર્ડીનન્સ બનાવવા
૫) ટીચીંગ તથા નોન ટીચીંગ સ્ટાફની પેર્ટન
૬) એકઝામીનેશન પેર્ટન
૭) ફી સ્ટ્રકચર
૮) એફીલીએશન પ્રોસેસ
૯) બોર્ડ ઓફ સ્ટડીઝની રચના
૧૦) એડમીશન પ્રોસેસ

આ કમિટીમાં નીચેના સદસ્યોની નિયુકિત કરવાનું ઠરાવવામાં આવેલ.

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો. એન. બી. કપોપરા, સુરત | – | ચેરમેનશ્રી |
| ૨) | ડો. દિલીપ પંડયા, અમદાવાદ | – | સભ્યશ્રી |
| ૩) | આર.એમ.ઓ.પી.જી.ટી., જામનગર | – | સભ્યશ્રી |
| ૪) | ચીફમેટ્રન, જી.જી. હોસ્પિટલ, જામનગર | – | સભ્યશ્રી |
| ૫) | ના. કુલસચિવશ્રી, એકેડેમીક, જામગનર | – | સચિવશ્રી |

**કાર્યસૂચિ–૩** **શ્રી જે. એસ. આયુર્વેદ મહાવિદ્યાલય, નડીઆદ ખાતે નવા પી.જી. સેન્ટરો શરૂ કરવા બાબત.**

આચાર્યશ્રી, જે. એસ. આયુર્વેદ મહાવિદ્યાલય, નડીઆદ ખાતે જુદાં જુદાં ૬ (છ) વિષયો માટે નવા પી.જી. સેન્ટરો પ્રત્યેક વિષયમાં પાંચ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા માટે શરૂ કરવા માટેની દરખાસ્ત યુનિવર્સિટીને મળેલ છે. આ અરજીઓની સ્કુટીની કરી તેની ક્ષતિઓની પુર્તતા થયા બાદ ફરીને સ્કુટીની કમિટી સમક્ષ મોકલવામાં આવેલ, ત્યાર બાદ આ અંગે યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક એકેડે/૯૬/૨૦૦૯–૧૦/૪૦૩૫ અન્વયે નિરિક્ષણ સમિતિઓની નિમણૂંક ડીન, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગરના વડપણ હેઠળ કરવામાં આવેલ. આ નિરિક્ષણ કાર્ય તા. ૩૧–૩–૨૦૧૦ના રોજ કરવામાં આવેલ. તે અંગેનો અહેવાલ નિરિક્ષણ સમિતિએ તા. ૧–૪–૨૦૧૦ના રોજ યુનિવર્સિટીને મોકલેલ છે. જે એજન્ડાના પરિશિષ્ટ–૪થી મોકલેલ હતો તે અહેવાલ અંગે વિચારણા કરવામાં આવેલ.

તદ્ઉપરાંત આ અહેવાલ પી.જી.ટી. બોર્ડની તા. ૫–૪–૨૦૧૦ના રોજ મળેલ સભા સમક્ષ રજૂ કરવામાં આવતાં તા. ૫–૪–૨૦૧૦ની પી.જી. બોર્ડની આઈટેમ નંબર–૩૬થી નિર્ણય થયેલ છે. જે પરિશિષ્ટ– ૫ એજન્ડામાં મોકલેલ છે તે અંગે પણ વિચારણા કરવામાં આવેલ.

સદરહુ બાબતે પુખ્ત વિચારણાને અંતે કોલેજ ધણા વર્ષોથી ચાલતી હોય અને સેલ્ફ ફાયનાન્સ બન્યા પહેલા પણ કાર્યરત હોય એક થી વધારે બેચના વિદ્યાર્થીઓ પાસ થઈ ગયેલ છે. તેથી નવી સેલ્ફ ફાયનાન્સ કોલેજો બાબતે એક એકેડેમીક સાયકલ પુરી કર્યા બાદ જ પી.જી. કોર્ષ શરૂ કરવાની અને વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવાની જે જોગવાઈ છે તે આ કેસમાં લાગુ પડશે નહી, તેવું મંતવ્ય નિયામકશ્રી, ભા.ત.હો.પ.એ આપેલ અને ગુજરાત સરકારશ્રી ધ્વારા પણ પી.જી. કોર્ષીસ ચાલુ કરવા અંગે એન.ઓ.સી. આપવામાં આવેલ હોય, શ્રી જે. એસ. આયુર્વેદ મહાવિદ્યાલય, નડીયાદ ખાતે નવા પી.જી. કોર્ષીસ શરૂ કરવાની બાબતને અહેવાલમાં દર્શાવ્યા મુજબ અને પી.જી. બોર્ડની ભલામણ અનુસાર (૧) કાયાચિકિત્સા વિભાગમાં– ૫(પાંચ) સીટ અને (૨) રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના વિભાગમાં–૫ (પાંચ) સીટ સાથે શરૂ કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવાનું અને એલ.આઈ.સી. ધ્વારા દર્શાવેલ અને સી.સી.આઈ.એમ.ના નોર્મ્સ મુજબની ક્ષતિઓ પુરી કરવાની અને નિયમાનુસારની ફી ભરવાની શરતે કન્સેન્ટ ઓફ એફીલીએશન આપવાનું ઠરાવવામાં આવેલ.

**કાર્યસૂચિ–૪** **સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા ખાતે નવું પી.જી. સેન્ટર શરૂ કરવા બાબત.**

આચાર્યશ્રી સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા ખાતે (૧) રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના તેમજ (૨) દ્રવ્યગુણ એમ બન્ને વિષયોમાં નવા પી.જી. સેન્ટરો પાંચ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા માટે શરૂ કરવા માટેની દરખાસ્ત યુનિવર્સિટીને મળેલ છે. આ અરજીઓની સ્કુટીની કરી તેની ક્ષતિઓની પુર્તતા થયા બાદ ફરીને સ્કુટીની કમિટી સમક્ષ મોકલવામાં આવેલ. આ અંગે યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક

એકેડે/૯૫/૨૦૦૯–૧૦/૩૪૭૮, તા. ૨/૩–૨–૨૦૧૦ અન્વયે નિરિક્ષણ સમિતિઓની નિમણૂંક ડીન, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગરના વડપણ હેઠળ કરવામાં આવેલ ત્યારબાદ યુનિવર્સિટીના પત્ર નંબર એકેડે/૯૫/૨૦૦૯–૧૦/૩૫૮૦, તા. ૧૭–૨–૨૦૧૦ થી તા. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ આ અંગે નિરિક્ષણ સમિતિને નિરિક્ષણ કાર્ય કરવા માટે જણાવવામાં આવેલ. તે અંગેનો અહેવાલ નિરિક્ષણ સમિતિએ તા.૧૧–૩–૨૦૧૦ના રોજ યુનિવર્સિટીને મોકલેલ છે. જે એજન્ડાના પરિશિષ્ટ–૬ થી મોકલવોલ તે અંગે વિચારણા કરવામાં આવેલ.

તદ્ઉપરાંત આ અહેવાલ પી.જી.ટી. બોર્ડની તા. ૫–૪–૨૦૧૦નાં રોજ મળેલ સભા સમક્ષ રજૂ કરવામાં આવતાં તા. ૫–૪–૨૦૧૦ની પી.જી. બોર્ડની આઈટેમ નંબર–૩૬ જે નિર્ણય થયેલ છે. તે એજન્ડાના પરિશિષ્ટ–૫ થી મોકલાવેલ તે અંગે પણ વિચારણા કરવામાં આવેલ.

સદરહુ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા ખાતે નવા પી.જી. કોર્ષીસ શરૂ કરવાની બાબતને અહેવાલમાં દર્શાવ્યા મુજબ અને પી.જી. બોર્ડની ભલામણ અનુસાર (૧) રસશાસ્ત્ર અને ભૈષજય કલ્પના વિભાગમાં–૫ (પાંચ) સીટ અને (૨) દ્રવ્યગુણ વિભાગમા–૫(પાંચ) સીટ સાથે શરૂ કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવાનું અને એલ.આઈ.સી. ધ્વારા દર્શાવેલ અને સી.સી.આઈ.એમ.ના નોર્મ્સ મુજબ ક્ષતિઓ પુરી કરવાની અને નિયમાનુસારની ફી ભરવાની શરતે કન્સેન્ટ ઓફ એફીલીએશન આપવાનું ઠરાવવામાં આવેલ.

**કાર્યસૂચિ–૫** **શેઠ જે. પી. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગરની પ્રવેશ ક્ષમતા વધારવા બાબત. (૩૫ માંથી ૫૦ કરવા અંગે)**

આચાર્યશ્રી, શેઠ જે. પી. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગરના પત્ર નં. જેપીસી–૨૦૧૦–૨૭૭–૭૯, તા. ૧–૪–૨૦૧૦ આ કોલેજની પ્રવેશ ક્ષમતા ૩૫ માંથી ૫૦ કરી આપવા અંગેની દરખાસ્ત યુનિવર્સિટીને મળેલ.

આ દરખાસ્ત અન્વયે યુનિવર્સિટીના પત્રાંક એકેડે/૧૧૧/૨૦૧૦–૧૧/૯૬, તા. ૮–૪–૧૦ થી રજૂ થયેલ દરખાસ્તને ગતવર્ષ તા. ૨૭–૩–૦૯ ના રોજ થયેલ ઈન્સ્પેકશન રીપોર્ટ સાથે સ્ક્રુટીની સમિતિને પોતાનો અહેવાલ મોકલવા જણાવવામાં આવેલ.

આ સ્ક્રુટીની સમિતિ દ્વારા તા. ૧૦–૪–૨૦૧૦ના રોજ સમિતિએ અહેવાલ યુનિવર્સિટીને મોકલી આપેલ છે.

આ અહેવાલનાં સંદર્ભમાં માન. કુલપતિશ્રીના આદેશાનુસાર યુનિવર્સિટી પત્રાંક એકેડે/૧૧૧/૨૦૧૦–૧૧/૧૮૭, તા. ૧૬–૪–૨૦૧૦ અન્વયે એક એલ.આઈ.સી. સમિતિની નિમણૂંક કરવામાં આવેલ. આ સમિતિએ તા.૨૦–૪–૨૦૧૦નાં રોજ ભાવનગર કોલેજની મુલાકાત લીધેલ. અને તા.૨૭–૩–૦૯ના નિરીક્ષણ વખતે દર્શાવેલ ક્ષતિઓની જે પૂર્તતા થયેલ છે તેની ચકાસણી કરેલ છે. તદ્ઉપરાંત ભારત સરકારશ્રીનાં આયુષ વિભાગના તા.૫–૧૦–૨૦૦૯ના પત્રથી શરતી રીતે મળેલ મંજૂરીમાં દર્શાવેલ ક્ષતિઓની પુર્તતાની ચકાસણી કરેલ છે અને ઈન્ટેક કેપેસીટી ૩૫ માંથી ૫૦ કરવા સંબંધે પોતાનો અહેવાલ યુનિવર્સિટીને રજૂ કરેલ છે તે બાબતે પુખ્ત વિચારણા કરવામાં આવેલ અને એલ.આઈ.સી. ધ્વારા અને સી.સી.આઈ.એમ.ના નોર્મ્સ મુજબની ક્ષતિઓની પૂતર્તાની શરતે શેઠ જે. પી. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગરની પ્રવેશ ક્ષમતા ૩૫માંથી ૫૦ કરવા અંગે સૈધ્ધાંતીક મંજુરી આપવાનું અને કન્સેન્ટ ઓફ એફીલીએશન આપવાનું ઠરાવવામાં આવેલ.

વિશેષમાં નિયામકશ્રી, ભા.ત.હો.પ. ધ્વારા જણાવેલ કે સી.સી.આઈ.એમ. તથા ભારત સરકારશ્રીને ૩૦ એપ્રિલ, ૨૦૧૦ પહેલાં નવા પી.જી. કોર્ષીસ શરૂ કરવા તથા ઈન્ટેક કેપેસીટી વધારવા માટેની દરખાસ્ત કરવાની હોય, સમય મર્યાદા ટુકી હોય તાત્કાલીક એન.ઓ.સી./કન્સેન્ટ ઓફ એફીલીએશન યુનિવર્સિટી ધ્વારા ઈસ્યુ કરવા

વિનંતી કરેલ જેને સિન્ડિકેટની સભાએ સર્વાનુમતે સ્વીકારેલ અને એકેડેમીક વિભાગ ધ્વારા કાર્યવાહી તાત્કાલીક પૂર્ણ કરવાનું ઠરાવવામાં આવેલ.

**<u>પ્રમુખશ્રીની અનુમતિથી નીચેની બાબતો હાથ ધરવામાં આવેલ.</u>**

<u>બાબત–૧</u> **દ્રવ્ય પસંદગી સમિતિની કાર્યવાહીની નોંધ તથા કમિટીએ નિર્ણય કર્યા મુજબના ભાવો મંજુર કરવા અંગે.**

વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ફાર્મસી વિભાગના ઉપયોગ માટે રૂા.૪૦,૦૦,૦૦૦/– (રૂપિયા ચાલીસ લાખ)ના કાચા દ્રવ્યો માટેના વાર્ષિક ટેન્ડર બહાર પાડવામાં આવેલ, જે નિયુક્ત કરેલ સમિતિ પાસે ખોલાવી સરખામણી પત્રક બનાવી તા.૨૬–૩–૨૦૧૦ તથા તા.૨૭–૩–૨૦૧૦ના રોજ દ્રવ્ય પસંદગી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ કુલ–૬ (છ) ટેન્ડર પાર્ટીઓ પાસેથી ટેન્ડર આવેલ. પાર્ટીઓના ભાવ અને સેમ્પલોમાંથી દ્રવ્ય પસંદગી સમિતિ દ્વારા કાચા દ્રવ્યોના નમૂના જોઈ તપાસી સરખામણી કરી ભાવ મંજુર કરવામાં આવેલ, જે મુજબ દ્રવ્ય પસંદગી સમિતિની કાર્યવાહીની નોંધ તથા દરેક સંબંધિત પાર્ટીઓના મંજુર થયેલ ભાવનું લીસ્ટ **<u>પરિશિષ્ટ–૪</u>** થી આ સાથે સામેલ છે. તે વિચારણામાં લેવામાં આવેલ.

ઉપરોકત વિગતે દ્રવ્ય પસંદગી સમિતિએ કરેલ કાર્યવાહીની નોંધ તેમજ નિર્ણય મુજબ જે તે પાર્ટીઓના મંજુર કરેલ ભાવ તથા કુલ ખર્ચ રૂા.૪૦,૦૦,૦૦૦/– (રૂપિયા ચાલીસ લાખ)ને સર્વાનુમતે મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ.

નિયામકશ્રી, ભા.ત.હો.પ., ગાંધીનગર ધ્વારા સૂચવવામાં આવેલ કે, હવે પછી જયારે પણ ટેન્ડરો મંગાવી દ્રવ્ય પસંદગી કરવાની થાય ત્યારે ગત વર્ષના ભાવો રીમાર્કસમાં લખવા અને જે દ્રવ્યોના ભાવોમાં દશ ટકા કરતાં વધારે ભાવ વધારો હોય તેવા દ્રવ્યો માટે જસ્ટીફીકેશન સાથે રજુ કરવું તે સૂચનને સ્વીકારી હવે પછીના વર્ષથી અમલ કરવાનું નકકી કરવામાં આવેલ.

<u>બાબત–૨</u> **પેકીંગ મટીરીયલ (પોલીથીન બેગ) ના ભાવ મંજુર કરવા અંગે.**

વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ફાર્મસી વિભાગના (પાકા સ્ટોર)ના ઉપયોગ માટે પોલીથીન બેગ રૂા.૨,૦૦,૦૦૦/– (બે લાખ)ના વાર્ષિક ટેન્ડર બહાર પાડવામા આવેલ તેનો તુલનાત્મક પત્રક બનાવી તા.૮–૩–૨૦૧૦ના રોજ ફાર્મસી નિયામકશ્રીના સમક્ષ મુકવામાં આવેલ. પેકીંગ મટીરીયલ માટે કુલ–૫ (પાંચ) પાર્ટીઓના ટેન્ડર માન્ય થયેલ તેમાંથી એક પાર્ટી પરફેકટ પ્લાસ્ટીક, જામનગરના ભાવો મંજુર કરવા પ્રસ્તાવ કરવામાં આવેલ, તે આ સાથે **<u>પરિશિષ્ટ–૫</u>**થી સામેલ છે, જે મુજબ કુલ ખર્ચ રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ)ને મંજુરી આપવાનું ઠરાવવામાં આવેલ.

પ્રમુખશ્રીના આભાર સાથે સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

આદેશથી,

**( આર. એમ. ઝાલા )**
કુલસચિવ

નં.આયુ/યુનિ/પ–એસ–૨/ખાસ સભા/૩૦૯ તા. ૨૪–૪–૨૦૧૦

**પ્રતિ,**
સિન્ડિકેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ....

૧. શ્રી આર.એમ. ઝાલા, ઈન્ચાર્જ કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

૨. નિયામકશ્રી, ભા.ત.હો.પ., ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.– ૧, બીજો માળ, ગાંધીનગર. ગુજરાત રાજય,

૩. એડવાઈઝરશ્રી, (આયુર્વેદ), આઈ.એસ.એમ. એન્ડ એચ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રેડ ક્રોસ બિલ્ડીંગ, રેડ ક્રોસ રોડ, નવી દિલ્હી.

૪. પ્રો. એમ.એસ. બધેલ, ડાયરેકટરશ્રી, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ., જામનગર.

૫. ડો. એન.બી. કપોપરા, આચાર્યશ્રી, શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરત

૬. ડો. એસ.પી. નાવડીયા, આચાર્યશ્રી, શ્રી બાલાહનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય, મુ. લોદરા, તા. માણસા, જી. ગાંધીનગર.

૭. ડો. જી. કે. મનસુરી, શિક્ષકશ્રી, ૧, અલ અમીન સોસાયટી, ઈન્દિરા પાર્ક સામે, જુહાપુરા, અમદાવાદ–૫૫

૮. ડો. એ. બી. ઠાકર, શિક્ષક પી.જી. બોર્ડ, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. જામનગર.

૯. ડો. કે.એલ. કોરડીયા, ૮૦૨–નિકિતા એપાર્ટમેન્ટ–બી, પટેલનગર, ઝાંઝરડા રોડ, જુનાગઢ

૧૦. ડો. વી.કે. ઉપાધ્યાય, ૩૯, લાલબાગ સોસાયટી, કૃષ્ણનગર પાસે, નવાવાડજ, અમદાવાદ.

**<u>નકલ રવાના</u> :–**

(૧) પી. એસ. ટુ વી. સી. (૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર (૩) હિસાબી શાખા

(૪) પરીક્ષા શાખા (૫) મહેકમ શાખા (૬) એકેડેમિક વિભાગ

(૭) માહિતી વિભાગ